Ph. 02634 - 296333 Mo. 94281 65775 Mo. 94080 74180

# સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, ખેરગામ
# GOVERNMENT ARTS, COMMERCE & SCIENCE COLLEGE KHERGAM

Accredited " B + " Grade, With CGPA 2.72 by NAAC Jan 2025 (2nd Cycle)

(Affiliated to Veer Narmad South Gujarat University; Surat, Gujarat)

તા. ખેરગામ, જિ. નવસારી
પીન. - ૩૯૬ ૦૪૦ (ગુજરાત)

આચાર્ય - ક્લાસ ૧
ડૉ. એસ.એમ.પટેલ
એમ.એ., બી.એડ્, એમ.ફિલ, પીએચ.ડી.

College E-mail : gacckhergam@gmail.com

Recognised by UGC 2(F) and 12(B)

સત્યમેવ જયતે

Ta. Khergam, Dist. Navsari.
Pin - 396040 (Gujarat)

Principal - Class I
Dr. S.M. PATEL
M.A., B.Ed., M.Phil., Ph.D.

E-mail : dr.sanjaykumarmpatel@gmail.com
Website : www.khergamcollege.edu.in
www.gacsckhergam.gujgov.edu.in

## ખેરગામ કોલેજ ખાતે 'ઉદ્યોગ સાહસિકતા' દિવસની ઉજવણી

## અહેવાલ

**૨૨/૦૮/૨૦૨૫**

સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, ખેરગામ, જિ.નવસારી ખાતે તા–૨૨/૦૮/૨૦૨૫ શુક્રવારના રોજ સંસ્થાના વડા આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ કોમર્સ વિભાગ અંતર્ગત 'ઉદ્યોગ સાહસિકતા' દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્યશ્રી દ્વારા ઉદ્યોગ સાહસિકતા' અંગે માહિતી આપી વિદ્યાર્થીઓ કઈ રીતે ઉદ્યોગ સાહસિક બની સકે તેની માહિતી આપી હતી. તેમજ નાણાકીય અવરોધો દુર કરવા ગુજરાત સરકારની SSIP યોજના અને તેમાં મળતી નાણાકીય સહાય અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ કોમર્સ વિભાગના પ્રા.જીગરકુમાર વી પરમાર દ્વારા ઉદ્યોગ સાહસિકતા દિવસ કેમ ઉજવવામાં આવે છે? તેમજ સ્ટીવ જોબ્સ, એલન મસ્ક, ધરમપાલ ગુલાટી (MDH), ધીરુભાઈ અંબાણી વગેરેના ઉદાહરણ આપવામાં આવ્યા હતા. ઉદ્યોગસાહસિકતા નું મહત્વ એ છે કે ઉદ્યોગસાહસિકતા એ માત્ર નોકરી આપનારા બનાવે છે એટલું જ નહિ, પણ દેશની આર્થિક વૃદ્ધિમાં પણ મહત્વનો ફાળો આપે છે. આપણો દેશ જ્યારે "આત્મનિર્ભર ભારત" તરફ આગળ વધી રહ્યો છે, ત્યારે યુવાનોએ ઉદ્યોગસાહસિક બનવું એ સમયની માગ છે. કોલેજોમાં હવે બિઝનેસ ક્લબો, ઇનોવેશન સેન્ટર, સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેટર્સ જેવી પ્રવૃત્તિઓ પણ શરૂ થઈ રહી છે, જેનું મુખ્ય ધ્યેય એ છે કે વિદ્યાર્થીઓ નોકરી શોધનાર નહીં, પણ નોકરી આપનાર બને. ઉદ્યોગસાહસિક બનવા માટે વિઝન (દ્રષ્ટિ), પ્લાનિંગ (યોજના), રિસ્ક લેવવાની ક્ષમતા, લીડરશીપ, સતત અભ્યાસ અને નવીનતા જેવા ગુણો જરૂરી છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કોમર્સ વિભાગના પ્રા. મેહુલભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.








Government Arts
Commerce and Science
College Khergam